HGH INDIA® 2019
HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE
JULY 2-4, 2019 MUMBAI, INDIA

NEWS 4

A TEXZONE Event

Where business feels at home!

### હોમ ડેકોર

# વોલપેપર્સ, ફ્લોરિંગ્સ, ડ્રાય ફ્લાવર્સ, હેન્ડિક્રાફ્ટ્સ, એક્સેસરીઝ અને ઘણું બધું

એચજીએચ ઈન્ડિયા ૨૦૧૯માં વોલ, ફરસ, સીલિંગ, ટેબલ, બારીઓ અને દરવાજાથી માંડીને બાલ્કની, અગાશી અને બગીચાઓના બાહ્ય વાતાવરણ સાથે સંબંધિત પ્રોડક્ટ્સ અને ડિઝાઈન્સની વાત કરીએ તો એક કેટેગરી તરીકે હોમ ડેકોરમાં ઘણી સંભાવનાઓ છે.

ટેક્સટાઈલ, વૂડ તથા પીવીસી અને પોલીપ્રારોપલાઈન જેવાં સિન્થેટિક મટિરિયલ્સથી લઈને કાર્પેટ ટાઈલ્સ સુધી, પ્રીમિયમ અને ઈકોનોમી વોલપેપર્સની વ્યાપક શ્રેણીથી વોલ ફિનિશીઝ, રબર મેટ્સ, કોઈર મેટ્સ, આર્ટિફિશિયલ ગ્રાસ અને ગ્રીન વોલ્સની આધુનિક શ્રેણી, નેચરલ ડ્રાઈડ ફ્લાવર્સ અને પ્લાન્ટ્સથી ફ્રેગ્રન્સીસ અને આર્ટિફિશિયલ ફ્લાવર્સ, ડેકોરેટિવ કેન્ડલ્સ, કેન્ડલ સ્ટેન્ડ્સથી અરોમા ઓઈલ્સ સુધી... વાઝ, ક્લોક્સ, ફિગ્યુરિન્સ, આર્ટીફેક્ટ્સ, પેઈન્ટિંગ્સ, મુરાલ્સ, ટેબલ ટોપ્સ જેવી ડેકોરેટિવ એક્સેસરીઝની શ્રેણી, સેરામિક ટેરા કોટ્ટા, વૂડ ગ્લાસ, મેટલ, કેન અને બામ્બુમાં અજોડ હસ્તકળાકારીગરી કરેલી પ્રોડક્ટ્સની સંપૂર્ણ શ્રેણી, સ્ટીલ, ગ્લાસ, પ્લાસ્ટિક અને એક્રિલિકમાં ઉત્તમ ફિનિશ્ડ આધુનિક ડેકોરેટિવ એસેસરીઝ... શેન્ડેલિયર્સ, ડેકોરેટિવ લાઈટ્સ, લેમ્પ શેડ્સ, ગાર્ડન લાઈટ્સથી ગાર્ડન ફર્નિચર અને આઉટડોર ડેકોરેટિવ એક્સેસરીઝની સંપૂર્ણ શ્રેણી સુધી... હોલ ૨માં હોમ ડેકોર શ્રેણીમાં એક્ઝિબિટર્સ દ્વારા સમાવેશકતા અનંત છે !


માર્શલ્સ

હોમ ડેકોર ગત આવૃત્તિની તુલનામાં લગભગ ૨૫ ટકા વૃદ્ધિ પામી છે અને કોર્પોરેટ ગિફ્ટ બાયર્સ ઘણી બધી નવી પ્રોડક્ટ્સ અને નવાં સંસાધનો જોઈ શકશે. ગ્રાહકો ઉત્તમ ડિઝાઈન અને કાર્યશીલતાના સંમિશ્રણની વધુ ને વધુ માગણી કરી રહ્યા હોવાથી ઉત્પાદકોએ બધી પ્રોડક્ટ્સમાં તેમની માગણીઓને પહોંચી વળવા માટે સખત મહેનત કરી છે. સુધારિત પેકેજિંગ અને પ્રસ્તુતિકરણ પર ઉચ્ચ ભાર પણ આ વખતે હોલ ૨માં જોવા મળશે.

ભારતીય ગ્રાહકો પારંપરિક પેઈન્ટ્સની સીમા વોલપેપર્સ જેવાં આધુનિક અને પર્યાવરણ અનુકૂળ મટિરિયલ્સ અપનાવવા લાગ્યા છે ત્યારે વિઝિટર્સને હોલ ૨ના વોલપેપર વિભાગમાં ઘણી બધી નવો તકો જોવા મળશે.

ભારતીય પ્રદર્શકોમાં કાશ્મીર, જયપુર, જોધપુર, મોરાદાબાદ, ફિરોઝાબાદ, લખનઊ, ભુજ, આગ્રા, રાજકોટ, દિલ્હી, મુંબઈ, બેન્ગલુરુ, કોલકતા, ચેન્નાઈ વગેરે હસ્તબનાવટ અને યાંત્રિકબનાવટની ડેકોરેટિવ ચીજોની સુંદર શ્રેણી પ્રસ્તુત કરશે.

બેલ્જિયમ, યુકે, જર્મની, ઈટાલી, ફ્રાન્સ, ધ નેધલેન્ડ્સ, સ્પેન, યુએસએ, કોરિયા, સિંગાપોર, ચીન, તાઈવાન, વિયેટનામ અને યુએઈની આંતરરાષ્ટ્રીય ઉત્પાદકો અને બ્રાન્ડ્સ પ્રત્યક્ષ અથવા તેમના ભારતીય ભાગીદારો થકી વોલપેપર્સ, ફ્લોર કવરિંગ્સ અને ડેકોરેટિવ એસેસરીઝની તેમની શ્રેણી પ્રદર્શિત કરશે.

**વોલપેપર્સ:** વોલપેપર્સ ભારતમાં હોમ ડેકોરમાં ઝડપથી વૃદ્ધિ પામતી શ્રેણીમાંથી એક છે, જેની માગણી વાર્ષિક લગભગ ૧૦૦ ટકાથી વધી રહી છે. ગ્રાહકોના ઈકોનોમી, મિડ અને ઉચ્ચ છેડા સહિત બધા વર્ગો પારંપરિક પેઈન્ટ્સ, પોલિશ અને અન્ય તેવા જ વોલ ફિનિશીઝ સુધી વોલપેપર્સ ઝડપથી અપનાવવા લાગ્યા છે. ગ્રાહકો આરોગ્ય અને પર્યાવરણ પ્રત્યે વધુ સજાગ બની રહ્યા હોવાથી અને તેમનાં ઘરોને શણગારવા માટે ઉત્તમ સુવિધા અને સમય બચત અપનાવી રહ્યા હોવાથી વોલપેપર્સ સ્વાભાવિક રીતે જ આવનારાં વર્ષોમાં અન્ય કોઈ પણ સામગ્રી કરતાં વધુ માગણીમાં રહેશે. આથી જ વોલપેપર્સની વધતી માગણી ભારતીય બજારમાં લાંબા ગાળાનો પ્રવાહ છે.

ઓલ ઈન્ડિયા વોલપેપર કવરિંગ્સ એસોસિયેશન (એઆઈડબ્લ્યુએ) દ્વારા તેના ૨૦ સભ્યો સાથે હોલ-૨માં વિશાળ એઆઈડબ્લ્યુએ પેવિલિયનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેઓ પ્રીમિયમ અને ઈકોનોમિકલ પ્રોડક્ટ્સની નિયમિત શ્રેણી ઉપરાંત ફ્રેગ્રન્ટ વોલપેપર્સ, ગ્લોઈંગ વોલપેપર્સ, ૩ડી વોલપેપર્સ જેવી સેંકડો નાવીન્યતાઓ પ્રદર્શિત કરશે.

માર્શલ્સ, એક્સેલ વોલ ઈન્ટિરિયર્સ, એચ એન્ડ એચ વોલ કવરિંગ્સ, એડોર્નિસ, એલજી,


એનજીસી નફીસ

# હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડેકોર, હાઉસવેર અને ગિફ્ટમાં નવીન વિવિધતાનું પ્રદર્શન

એટકો, આર્ટિસન ફર્નિશિંગ્સ, ઈનડિઝાઈન, શ્રોફ ટ્રેડિંગ, યુડીસી ઈમ્પેક્સ એચજીએચ ઈન્ડિયા ૨૦૧૯ ખાતે પ્રદર્શિત થનારી અગ્રણી બ્રાન્ડ્સમાંનાં કેટલાક નામ છે. વોલપેપર્સ માટે ભારતમાં બજાર આગેવાન તરીકે આમાંથી મોટા ભાગના ખેલાડીઓ સેંકડો નવાં કલેકશન્સ રજૂ કરવાની ધારણા છે.

ઘણી બધી અગ્રણી વોલપેપર કંપનીઓ હોલ ૨માં સીધા જ પ્રદર્શન કરશે. અનેક આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ, જેમ કે, ઓમેક્સો, રેશ્ચ, કેસેલિયો, વોલક્વેસ્ટ, ડેકોરલાઈન, ધ પેપર પાર્ટનરશિપ અને બીએન વોલ્સ સુધીની નવી અવ્વલ શ્રેણી દુબઈ સ્થિત એનજીસી નફીઝ દ્વારા લાવવામાં આવશે. ફ્લોર્સ એન્ડ ફર્નિશિંગ્સ (એફ એન્ડ એફ) કાસામાન્સ અને હાર્લેક્વિન જેવી શ્રેણી પ્રદર્શિત કરશે. અલ્કેમી ડેકોર પણ પ્રીમિયમ વોલપેપર્સની શ્રેણી સીધી જ પ્રદર્શિત કરશે.

**ફ્લોર કવરિંગ્સ:** પારંપરિક રગ્સ અને કાર્પેટ્સની પૂરક કાર્યશીલ અને ડેકોરેટિવ ફ્લોર કવરિંગ્સની આધુનિક શ્રેણીમાં વૂડન ફ્લોરિંગ, વાઈનિલ ફ્લોરિંગ, સિન્થેટિક કાર્પેટ્સ અને કાર્પેટ ટાઈલ્સનો સમાવેશ થાય છે. આ ફ્લોર કવરિંગ્સ રગ્સ, કાર્પેટ્સ અથવા ટાઈલ્સની તુલનામાં ઓછી જાળવણી, વ્યાપક ડિઝાઈન વિકલ્પો અને સસ્તી કિંમતો જેવાં કારણોસર ભારતીય ગ્રાહકોમાં વધુ ને વધુ લોકપ્રિયતા પ્રાપ્ત કરી રહ્યાં છે.

આ બધી શ્રેણીઓમાં ભારતમાં બહુ ઓછા ઉત્પાદકો હોવાથી માગણીનો મોટા ભાગનો હિસ્સો આયાત થકી પહોંચી વળવામાં આવે છે. રોઝેટ્ટા, એચવીટી ઈન્ટિરિયર્સ, ભિક્ષુ ઈમ્પેક્સ, પોલીલીફ, ટાર્કેટ, ચિરાગ ઈન્ટરનેશનલ સિન્થેટિક ફ્લોર કવરિંગ્સ પ્રદર્શિત કરશે. વૂડન ફ્લોરિંગ માર્કોપોલો, કોનોટેક્સ, રોઝેટ્ટા, હોગર ફ્લોરિંગ્સ, ચિરાગ ઈન્ટરનેશનલ જેવી સ્થાપિત બ્રાન્ડ્સ દ્વારા લાવવામાં આવશે.

**ડેકોરેટિવ એક્સેસરીઝ અને ટેબલ ટોપ્સ:** ડેકોરેટિવ એક્સેસરીઝની માગણી ભારતમાં દિવસે દિવસે વધી રહી છે, કારણ કે તે રિફર્નિશિંગ કરાવ્યા વિના રૂમનો દેખાવ બદલવાનો સૌથી ઝડપી અને ખર્ચ અસરકારક રીતોમાંની એક છે. તે ડેકોરેટ કરવામાં મદદ કરવા સાથે રૂમના અમુક



મલિક ડિઝાઇન્સ

વિસ્તારને ઈચ્છા મુજબ ધ્યાન ખેંચી છે.

હસ્તબનાવટ અને યંત્રબનાવટની ડેકોરેટિવ એક્સેસરીઝ, જેમ કે, મ્યુરલ્સ, વાઝ, ફિગ્યૂરિન્સ, આર્ટીફેક્ટ્સ, ટેબલ ટોપ્સ, ક્લોક્સ, મિરર્સ, કેન્ડલ સ્ટેન્ડ્સ, ફોટો ફ્રેમ્સ, મેગેઝીન રેક્સ, બોક્સીસ અને સ્મોલ ફર્નિચર વગેરે સનરાઈઝ, એશનામ, ગિફ્ટ વર્લ્ડ, હાયોશા, મલિક ડિઝાઈન્સ, ધ આર્ટિસન હબ, પીયુષ પારેખ, નોબલ આર્ટ એન્ડ ક્રાફ્ટ હાઉસ, નોબલ ફર્નિચર, ગણેશીલાલ જ્વાલા, થ્રી સિક્સ્ટી અને કોકટેલ જેવા પ્રદર્શકો દ્વારા પ્રદર્શિત કરવામાં આવશે.

એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ફોર હેન્ડિક્રાફ્ટ્સ (ઈપીસીએચ) દર વર્ષની જેમ તેના હસ્તકળા નિકાસ કરતા સભ્યોના સમૂહ સહભાગનું ફરી એક વાર આયોજન કરી રહી છે. તેઓ ભારતીય રિટેઈલરો અઅને કોર્પોરેટ ગિફ્ટ બાયર્સને મેટલ, વૂડ, ગ્લાસ, રબર, ટેક્સટાઈલ્સમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત, નિકાસ ગુણવત્તાયુક્ત હેન્ડિક્રાફ્ટ્સ અને મોરાદાબાદ, સહરાનપુર, દિલ્હી, જોધપુર, જયપુર, ઈન્દોર, નોઈડા અને અંબાલા કેન્ટ.ની અન્ય સામગ્રીઓની વૈવિધ્યપૂર્ણ શ્રેણી ઓફર કરશે.

ડેકોરેટિવ હાર્ડવેર, જેમ કે, કર્ટન રોડ્સ, ડોર નોબ્સ, હેન્ડલ્સ વગેરે પણ લોકપ્રિયતા પ્રાપ્ત કરી રહ્યાં છે. ડેકો વિંડો, ડોલ્ફિન, એસક્યુયુ પ્રોડક્ટ્સની આ શ્રેણી લાવશે.

**ફ્રેગ્રન્સ અને ડ્રાય ફ્લાવર્સ:** આ આશરે પાંચથી છ વર્ષ પૂર્વે જ ભારતીય બજારમાં રજૂ કરવામાં આવેલી અત્યંત નવી શ્રેણી છે. જોકે ભારતમાં તેની માગણી અત્યંત ઝડપથી વધી રહી છે, જે વાર્ષિક ૨૫-૩૦ ટકાની બજાર વૃદ્ધિ પરથી દેખાય છે.

નૈસર્ગિક ફૂલોને નૈસર્ગિક સ્થિતિઓમાં સૂકવવામાં આવે છે અને ત્યાર પછી પેઈન્ટ અને ફાઈન ક્રાફ્ટ સ્કિલ્સથી શણગારવામાં આવે છે. પોટ પુરી, નેચરલ ડ્રાય ફ્લાવર્સ, પ્લાન્ટ્સ, આર્ટીફેક્ટ્સ, નેચરલ મૂડ ક્રિયેટિંગ ફ્લોરલ ફ્રેગ્રન્સીસ, સ્પા પ્રોડક્ટ્સ ફ્રેગ્રન્ટ ડેકોરેટિવ કેન્ડલ્સ અને આમાંથી મોટા ભાગના પ્રોડક્ટ્સ માટે ગિફ્ટ પેક્સના પ્રકાર આ શ્રેણીને અત્યંત આકર્ષક બનાવે છે. આ પ્રોડક્ટો ઉત્તમ શણગાર કરવા માટે ઉપયોગી બનવા સાથે આસપાસના વાતાવરણમાં સુખદ લાગણી આપે છે અને તેથી લોકપ્રિયતા વધી રહી છે.

નેચર્સ મેનિઆ, રોઝમૂર, બ્લુ ટ્રી અરોમા, સોંગ્સ ઓફ ઈન્ડિયા, આઈરિસ અને પેન અરોમા હોલ ૨માં એચજીએચ ઈન્ડિયા ૨૦૧૯ ખાતે પ્રદર્શિત થનારી અગ્રણી બ્રાન્ડ્સમાંથી એક છે.

**આર્ટિફિશિયલ ફ્લાવર્સ, આર્ટિફિશિયલ ગ્લાસ અને ગ્રીન વોલ્સ:** આ બધી ભારતીય બજારમાં ઝડપથી વૃદ્ધિ પામતી શ્રેણીઓ છે.



ભિક્ષુ ઇમ્પેક્સ

વધુ ને વધુ ઉત્પાદકો, બ્રાન્ડ્સ અને આયાતકારો આ વધતી માગણીને પહોંચી વળવા માટે ક્ષેત્રમાં પ્રવેશ કરી રહ્યાં છે. કેટલીક બ્રાન્ડ્સ અને આયાતકારો નૈસર્ગિક જેવા જ દેખાતાં ફેબ્રિક્સ, પ્લાસ્ટિક્સ, પેપર,



માર્કોપોલો



ફ્લોર સોલ્યુશન



Rosetta



રોઝમૂર



નેચર્સ મેનિઆ



ક્રિસ્ટલ કોર્પોરેશન

## એચજીએચ ઇન્ડિયા ૨૦૧૯: ૭૦૦ બ્રાન્ડ્સ અને મેન્યુફેક્ચર્સ પાસેથી સ્રોત કરશે

રબર અને અન્ય આધુનિક મટિરિયલ્સમાંથી બનતી આર્ટિફિશિયલ ફ્લાવર્સ, ગ્રાસ, પ્લાન્ટ્સ, ક્રીપર્સની વ્યાપક શ્રેણી હોલ ૨માં પ્રદર્શિત કરશે, જ્યારે અમુક હોલ ૧માં પ્રદર્શિત કરશે. ફોર વોલ્સ, ઈન્ટિરિયર્સ એન્ડ મોર, ક્રિસ્ટલ કોર્પોરેશન, ફિન સરફેસીસ, હેરિટેજ, પોલિનેશન, સુપરગ્રાસ, ડેકો ટર્ફ અન ટર્ફ ૮ આ શ્રેણીમાં તેમની શ્રેણી પ્રદર્શિત કરનારી અગ્રણી ખેલાડીમાં સ્થાન ધરાવે છે.

કૃત્રિમ ઘાસ અથવા કૃત્રિમ ફૂલોની તસવીર પ્રદર્શનકર્તાઓને શ્રેય આપવા સાથે.

**બેગ્સ:** છેલ્લા કેટલાક વર્ષોથી બેગ્સ અનેક કારણોસર ભારતીય બજારોમાં લોકપ્રિયતા પામી રહી છે. આદર્શ ફેશન એક્સેસરીઝ અથવા ગિફ્ટ તરીકે માન્યતા પામેલી બેગ્સ આજે મટિરિયલ્સ અને સ્ટાઈલ્સની વ્યાપક શ્રેણીમાં ઓફર કરવામાં આવે છે. આ પર્યાવરણ સતર્ક દેશમાં પ્લાસ્ટિક્સ પર વધતા પ્રતિબંધ સાથે બેગ્સ આજે કોટન, જ્યૂટ, પોલિયેસ્ટર, લેધર, રેક્ઝિન વગેરેની બનાવવામાં આવે છે. આકૃતિ એમ્બ્રોઈડરી, લુડલો જ્યૂટ, હિતાયશી તેમની શ્રેણી પ્રદર્શિત કરનારી અમુક નામાંકિત ખેલાડીઓ છે.


લુડલો જ્યૂટ




આર્ચિસ


### પર્સનલ અને કોર્પોરેટ ગિફ્ટસ

# વિશાળ ભારતીય બજાર, સતત વૃદ્ધિ પામી રહી છે


રતન જયપુર


આર્યા ૨૪ કેટી


ઇમેજ ક્રિએશન


પીયુષ પારેખ

ભારત દુનિયામાં સૌથી વધુ પરોણાગત અને સામાજિકકરણ કરનાર દેશમાંનો એક છે, જ્યાં ભેટસોગાદો આપવી તે તેની સંસ્કૃતિ, વારસો અને સામાજિક રિવાજોનો ભાગ છે. વેપાર હોય કે અંગત અવસરો હોય, ભારત અને ભારતીયો ભેટસોગાદો આપવા અને પ્રાપ્ત કરવાની બાબતમાં અત્યંત ઉત્સાહી લોકોમાં સ્થાન ધરાવે છે. ભારતની અગ્રણી મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ્સ ટેકનોપેક અનુસાર ભારતીય કોર્પોરેટ અને પર્સનલ ગિફ્ટિંગ બજારનો આજે કુલ આકાર આશરે ૨૫૦,૦૦૦ કરોડનો છે. આમાંથી ભારતમાં કોર્પોરેટ ગિફ્ટિંગ બજાર રૂ. ૧૨,૦૦૦ કરોડનો આંક પાર કરશે અને ઝડપથી વૃદ્ધિ પામી રહી છે.

આમ છતાં ભારતમાં ગિફ્ટ્સ બજાર સૌથી અસંગઠિત બજારમાંની એક છે, જ્યાં ગણતરીના બ્રાન્ડ્સ અને રિટેઈલ ચેઈન માગણીને પહોંચી વળી રહ્યા છે. જોકે અન્ય સર્વની જેમ ગિફ્ટિંગ બજાર પણ ભારતમાં તેની રૂપરેખા બદલી રહી છે. સંસ્કૃતિ તરીકે પર્સનલ ગિફ્ટિંગ વધી રહ્યું છે, જે એનિવર્સરી, વેડિંગ, બર્થડે, વેલેન્ટાઈન્સ ડે, રાખીથી લઈને મધર્સ ડે, ફાધર્સ ડે વગેરે સુધી અનેક ભેટસોગાદો આપવાના અવસરો સાથે વધી રહી છે. ઉપરાંત ગ્રાહકો હવે તેમની અગ્રતાઓ સાથે સુમેળ સાધે અને તેમનો દરજ્જો પણ દર્શાવે તેવી અજોડ, સ્ટાઈલિશ, પર્સનલાઈઝડ ભેટસોગાદો સ્ટોર્સમાંથી ખરીદી કરવાનો આગ્રહ રાખી રહ્યા છે.

એચજીએચ ઈન્ડિયાની સંશોધન ટીમે શોધી કાઢ્યું છે કે ભારતીય કંપનીઓના કોર્પોરેટ જગતમાં પણ ભેટસોગાદો પ્રમોશનલથી હવે ભાવનાત્મક સુધી પહોંચી છે. ફાર્માસ્યુટિકલ, ટેલિકોમ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ફાઈનાન્સ, વીમો, હોસ્પિટાલિટી અને મિડિયા જેવાં ક્ષેત્રોમાં કંપનીઓ કર્મચારી હોય, ગ્રાહક કે વેપાર સહયોગી હોય, વધુ અંગત અને ભાવનાત્મક અસર કરે તેવી ભેટસોગાદો અપનાવવાનું વધુ ને વધુ પસંદ કરવા લાગ્યા છે. આજે લોકો પ્રાપ્તિકર્તાની રૂપરેખાને ધ્યાનમાં રાખતાં અંગત સ્પર્શ સાથે નાવીન્યપૂર્ણ વિચારો જુએ છે.

કોર્પોરેટ ગિફ્ટ બાયર્સ, કોર્પોરેટ ગિફ્ટ સપ્લાયર્સ, ડિસ્ટ્રિબ્યુટર્સ, હોલસેલર્સ અને ગિફ્ટ રિટેઈલર્સ સતત નાવીન્યપૂર્ણ અને નવા ભેટસોગાદના વિચારો જુએ છે, જે નિરંતર ચાલનારી પ્રક્રિયા છે. હોમ પ્રોડક્ટ્સ, કોર્પોરેટ્સ હોય કે પર્સનલ ગિફ્ટ્સ હોય, ભાવનાત્મક ગિફ્ટિંગની વાત આવે ત્યારે મહત્ત્વપૂર્ણ રીતે અમુક ઉત્કૃષ્ટ ભેટસોગાદ બનાવે છે.

ખાસ કરીને હોમ ટેક્સટાઈલ્સ, હોમ ડેકોર, હાઉસવેર, હોમ એસેન્ટ અને ફેશન એક્સેસરીઝ સંબંધી વિશેષ ઉચ્ચ ગુણવત્તાની, બ્રાન્ડેડ ગિફ્ટ પ્રોડક્ટો એચજીએચ ઈન્ડિયાની પ્રોડક્ટ રેખાનું મહત્ત્વપૂર્ણ પાસું છે. અનેક અવસરોમાં નોંધ કર્યા મુજબ એચજીએચ ઈન્ડિયા મુખ્યત્વે ભાવનાત્મક ગિફ્ટ બજાર પર કેન્દ્રિત કરે છે અને પ્રમોશનલ ગિફ્ટ્સ પર નહીં. મોટા કોર્પોરેટ ગિફ્ટ બાયર્સને વૈવિધ્યપૂર્ણ નિવારણો ઓફર કરવા ઉપરાંત ટ્રેડ શો પ્રાપ્તિકર્તા સાથે ભાવનાત્મક જોડાણ સાથે ગિફ્ટ પેક્સ અને ગિફ્ટેબલ પ્રોડક્ટ્સ જોતા ગિફ્ટ ટ્રેડર્સ, હોલસેલર્સ અને રિટેઈલર્સ માટે બેકએન્ડ પુરવઠાઓના આયોજનને પણ માર્ગ આપે છે.

એચજીએચ ઈન્ડિયા ૨૦૧૯ બ્રાન્ડેડ હોમ ટેક્સટાઈલ્સની વરાઈટી ઓફર કરશે, જેમાં હોલ ૧માં બેડ શીટ્સ, ટોવેલ, ટેબલ અને કિચન લિનેન, બેડ-ઈન-અ બેગ, કિડ્સ અને બેબીઝ બ્લેન્કેટ્સ, રગ્સનો સમાવેશ રહેશે. હાઉસવેર પ્રોડક્ટ્સની વ્યાપક શ્રેણી, જેમ કે, દુનિયાભરની અગ્રણી બ્રાન્ડ્સ અને આયાતકારો અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ સુધી ફ્લાસ્ક્સ, બોટલ્સ, સેરામિક અને ક્રોકરી, ગ્લાસવેર, ફાઈન કટલેરી, ફૂડ કેરિયર્સ, કિચનવેર, કિચન એપ્લાયન્સીસ અને હાઉસહોલ્ડ આર્ટિકલ્સ હોલ ૩માં મળશે. હોલ ૨માં હોમ ડેકોર વિભાગમાં પણ ગિફ્ટ બોક્સીસ, રેપર્સ, રિબન્સ વગેર જેવાં યોગ્ય ગિફ્ટ પેકેજિંગ સોલ્યુશન્સ સાથે વાઝ, ક્લોક્સ, ટેબલ ટોપ્સ, હેન્ડિક્રાફ્ટ્સ, ડેકોરેટિવ ગ્લાસવેર, બેગ્સ વગેરે જેવી ડેકોરેટિવ એસેસરીઝનાં સ્વરૂપમાં ગિફ્ટિંગ સોલ્યુશન્સની વ્યાપક શ્રેણી ઓફર કરશે.

આર્ચિસ, આર્ય ૨૪, સનરાઈઝ, ગિફ્ટ વર્લ્ડ, ટ્યુલિપ, કોકટેલ, એક દો ઢાઈ, ઈમેજ ક્રિયેશન, એડીએસ, જોન્સ અંબ્રેલા, લુડલો જ્યૂટ, હિતાયશી, રતન પેપર જેવી અમુક અગ્રણી ભારતીય ઉત્પાદકો અને આયાતકારો ગિફ્ટિંગ સોલ્યુશન્સ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે. ઉપરાંત હોમ ટેક્સટાઈલ્સ, હોમ ડેકોર અને હાઉસવેર હોલ્સમાં બધા એક્ઝિબિટર્સ કસ્ટમાઈઝડ અથવા રેડીમેડ ગિફ્ટ સોલ્યુશન્સની વરાઈટી ઓફર કરશે.

હોલ ૨ અને હોલ ૩માં ૧૪ ચીની એક્ઝિબિટર્સ ગિફ્ટિંગ પ્રોડક્ટ્સની વ્યાપક શ્રેણી લાવશે. વાયવુ હૈયલી પ્લાસ્ટિક પ્રોડક્ટ્સ ફોટો ફ્રેમ્સ પ્રદર્શિત કરશે. અન્ય એક્ઝિબિટર્સ હાઉસવેર, ડેકોરેટિવ એક્સેસરીઝ, ફેશન એક્સેસરીઝ, જ્વેલરી અને જ્વેલરી બોક્સીસ, હેન્ડ બેગ્સ, લેધર એસેસરીઝ, ગિફ્ટ પેકેજિંગ સોલ્યુશન્સની વ્યાપક શ્રેણી ઓફર કરશે.

હિતાયશી અથવા લુડલો જ્યૂટ, સનરાઈઝ, ગિફ્ટ વર્લ્ડ, એક દો ઢાઈ, રતન પેપર વગેરેની જ્યૂટ અને કેન્વાસ બેગ્સની તસવીરોને પ્રદર્શનકારીઓને શ્રેય.

**જુલાઈ ૨-૪, ૨૦૧૯ બોમ્બે એક્ઝિબિશન સેન્ટર, ગોરેગાંવ (પૂર્વ), મુંબઈ.**

# એચજીએચ ઈન્ડિયાના અનુભવો



**શાલિની ટંડન,**
**જનરલ મેનેજર,**
**શોપર્સ સ્ટોપ**

મને લાગે છે કે દર વર્ષે તે વધુ ને વધુ બહેતર બની રહ્યું છે, કારણ કે અહીં મારા મોજૂદ પુરવઠાકારોની હાજરી સાથે ઘણી બધી ચીજો, નવા ઈનોવેશન્સ અને અલગ અલગ દેશના ઘણા બધા લોકો પણ જોવા મળે છે. નિખાલસતાથી કહું તો મારે માટે તે ઘણો સમય બચાવે છે, કારણ કે એક જ મંચ પર હું ઘણા બધા મોજૂદ પુરવઠાકારોને જોઉં અને મળું છું અને નવા પણ મળે છે. આથી આ રીતે ૩ દિવસની એક સમયની વાર્ષિક પ્રવૃત્તિ છે અને મારા જ્ઞાત લોકો અને નવા પાસેથી બધી નવી પ્રગતિ મને જોવા મળે છે. મને લાગે છે કે સૌથી સારી ખૂબી એ છે કે શો ઉત્તમ મંચ આપે છે અને આયોજન પણ નોંધનીય હોય છે. તે આંતરરાષ્ટ્રીય પ્રદર્શનની બરોબર કરે છે. બધી હોમ શ્રેણીઓમાં જે રીતે અલગ અલગ પ્રદર્શિત કરાયું છે તેને લીધે મારા ઘર માટે ખરીદી કરવાની આવે તો કશું પણ નજરથી ચૂકી જવાતું નથી.



**રાજેશ મિશ્રા,**
**જનરલ મેનેજર ઈન્ડિયા અને**
**વેસ્ટ એશિયા, કોરેલ બ્રાન્ડ્સ**

એચજીએચ ઈન્ડિયા મંચ વિવિધ ચેનલોમાં હોય તેવા દરેકેદરેક ગ્રાહકોને મળવાની અને અમારી પ્રોડક્ટ્સ તેમને બતાવવાની ઉત્તમ તક આપે છે. આથી આ એક એવું મંચ છે, જે દરેક નાગરિકોને પોતાની બ્રાન્ડ્સ બતાવવામાં અમને મદદ કરે છે. એચજીએચ ઈન્ડિયા સુંદર, અદભુત છે અને અમને અમારી બ્રાન્ડ્સ સાથે સંકળાયેલા લોકોને મળવાનો અને તેમની જોડે વાત કરવાનો મોકો આપે છે.



**એડેલહીડ ડેલ્ટોર,**
**બર્ગહોફ-ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર**

બર્ગહોફ છ ખંડોમાં ઉત્તમ વિતરક છે, પરંતુ ભારતમાં અમે હજુ શરૂઆત કરી નથી. જોકે ભારતમાં બજાર ભરપૂર બદલાઈ રહેલી અમે જોઈ રહ્યા છીએ અને વાસ્તવમાં મહેસૂસ કરી રહ્યા છે અને મને લાગે છે કે હવે એશિયામાં તે દ્વિતીય સૌથી વધુ ઝડપથી વૃદ્ધિ પામતી બજાર છે. આથી આ શો ભારતમાં બ્રાન્ડ તરીકે બર્ગહોફ માટે પહેલું પગલું છે અને અમારી અપેક્ષા બહુ ઉચ્ચ છે. અમને આશા છે કે આ શોમાં એવા ભાગીદાર મળશે, જેઓ આ બજારમાં અમારી પહોંચ વધારવામાં અમને મદદરૂપ થશે. આયાતકારો અથવા આયાતકાર કમ વિતરકો અમને આખા ભારતમાં વિતરણ આવરી લેવામાં મદદ કરશે. અમને અહીં અમારી હાજરીથી વ્યાપક પ્રતિસાદ મળ્યો છે, જે બહુ જ સરસ છે. અમે ઘણા બધા લોકો, આયાતકારો, વિતરકો અને રિટેઈલરો સાથે સંપર્કમાં આવ્યા હતા, જેમણે અમને ભારતીય બજાર વિશે કહ્યું છે. આથી અમારે માટે અહીં હાજરી અત્યંત રસપ્રદ છે.



**અંકિત ગુપ્તા,**
**ડિરેક્ટર, માર્કોપોલો**

અમારી બ્રાન્ડ માર્કોપોલો છે અને અમે અમારી વર્ટિકલ ગાર્ડન રેન્જ પ્રદર્શિત કરી રહ્યા છીએ. અમે અમારા વાઈનિલ ફ્લોરિંગ અને વૂડન ફ્લોરિંગ પણ રજૂ કર્યા છે. ગયા વર્ષે મેં ૩૫ ચો.મી. બૂથથી શરૂઆત કરી હતી. આ વખતે બેગણું વિસ્તરણ કર્યું છે. આ મંચ પર અમને ઘણા બધા વિતરકો મળ્યા અને તે ઉત્તમ અનુભવ બની રહ્યો છે.



**વિનોદ ખંડેલવાલ,**
**જનરલ મેનેજર, બાઈંગ**
**અને મર્ચન્ડાઈઝિંગ, @ હોમ**

અમને દરેક વખતે અમુક નવા પુરવઠાકારો અને નવા વેન્ડરો મળે છે, જેઓ અમારી તેમ જ એચજીએચ ઈન્ડિયાની વૃદ્ધિની ગાથામાં અમને ટેકો આપે છે. અમુક પુરવઠાકારો ભારતમાંથી છે, જ્યારે અન્ય દરિયાપારમાંથી છે. આથી અમને બંને બાજુથી પુરવઠાકારો મળે છે અને તે અમને મદદરૂપ થાય છે.



**શ્રીવર ખેરૂકા,**
**મેનેજિંગ ડિરેક્ટર,**
**બોરોસિલ ગ્લાસ વર્કસ લિ.**

અમે આરંભથી એચજીએચ ઈન્ડિયામાં ભાગ લઈ રહ્યા છે અને મને લાગે છે કે દર વર્ષે અમારું બૂથ વધુ ને વધુ મોટું થઈ રહ્યું છે. તે વધુ સંખ્યામાં વિઝિટર્સ પ્રદર્શિત કરે છે અને આ ટ્રેડ શોનો દરજ્જો પણ વધી રહ્યો છે. અમને અમારી નવી પ્રોડક્ટ્સ અને નવી ઓફરો બતાવવા માટે આ ઉત્તમ મંચ લાગે છે. અમારા બધા ગ્રાહકો અહીં આવે છે, જેમાં સ્પેશિયાલ્ટી રિટેઈલર્સથી લાર્જ ફોર્મેટ સ્ટોર્સનો પણ સમાવેશ થાય છે. બધા જ અહીં આવ્યા પછી અમારા ઉદ્યોગ માટે આ ઉત્તમ મંચ હોવાનું વિચારે છે.



**ઉમેશ ગુપ્તા,**
**વાઈસ ચેરમેન, બર્ગનર**

અમે આંતરરાષ્ટ્રીય સ્તરે ટ્રેડ શોઝ કરીએ છીએ. જોકે ભારત આ મંચ ધરાવે છે તે પહેલી જ વાર જાણ્યું. બર્ગનર વૈશ્વિક કિચનવેર સોલ્યુશન પ્રોવાઈડર છે. અમે અમારા બ્રાન્ડ એમ્બેસેડર વિકાસ ખન્ના સાથ અહીં આવ્યા છીએ. અમે હાય- ટેક પ્રિઝમ લોન્ચ કર્યું છે, જે નોનસ્ટિક કોટિંગ સાથેનું ટ્રાય પ્લાય કૂકવેર છે. અમે ભારતીય નારી માટે સ્વપ્નરૂપી કૂકવેર અથવા નોનસ્ટિક કોટિંગ પર ૧૦ વર્ષની ગેરન્ટી આપનાર પ્રથમ કંપની છીએ.



**અજય તલવાર,**
**વાઈસ પ્રેસિડેન્ટ, જનરલ મર્ચન્ડાઈઝ**
**એન્ડ ઈલેક્ટ્રોનિક્સ, સ્પાર ઈન્ડિયા**

અમે ચીનમાં પણ જઈએ છીએ, પરંતુ ભારત હાઉસવેર માટે આ શો સાથે ઉત્તમ સ્થળ બની ચૂક્યું છે. આથી અમે અહીં આવીએ છીએ, નવા આર્ટિકલ્સ અને નવા પુરવઠાકારોને ઓળખીએ છીએ, જેથી તેઓ અમારા વેપારનો હિસ્સો બની શકે. દર વર્ષે અમને અજોડ, અલગ ચીજો જોવા મળે છે. આ લોકો ખરેખર વહાલા છે અને અમને ઉત્તમ ભાવ મળે છે, જેથી અમારા ગ્રાહકોને અમે ઉત્તમ ભાવ આપી શકીએ છીએ.



**દીપક અગરવાલ,**
**ડિરેક્ટર,**
**ક્લે ક્રાફ્ટ ઈન્ડિયા**

એચજીએચ ઈન્ડિયા અમારા ડોમેસ્ટિક રિટેઈલ અને નવા લોન્ચ માટે ભાગ લઈએ તેવું એકમાત્ર એક્ઝિબિશન છે. અમે એચજીએચ ઈન્ડિયા રજૂ કરવા માટે પ્રોડક્ટ ડિઝાઈન અને વિકાસ કરીએ છીએ. એચજીએચ ઈન્ડિયા થકી અમે કન્વેન્શનલ રિટેઈલર્સ અને આધુનિક રિટેઈલને લક્ષ્યમાં રાખીએ છીએ અને તે સાથે અમારી નવી પ્રોડક્ટ્સ પણ લોન્ચ કરીએ છીએ. અમે શેફ સંજીવ કપૂરની બ્રાન્ડ માટે સોલ ઓથોરાઈઝ્ડ લાઈસન્સી છીએ. અમે હાલમાં જ બ્રાન્ડ ઈન્ડિયા સર્કલ્સ સાથે જોડાણ કર્યું હતું, જે મુંબઈમાં કૃષ્ણા મહેતાની ડિઝાઈનર બ્રાન્ડ છે અને યુએસએ સ્થિત બ્રાન્ડ હેપ્પીનેસ માટે લાઈસન્સી પણ છે. આથી અમારે માટે આ ત્રણ હાઈલાઈટ પોઈન્ટ છે અને અમે આ બધી બ્રાન્ડ્સ માટે ખાસ લાઈસન્સી છીએ.



**આલોક બેનર્જી,**
**સીઓઓ, ધ બોમ્બે ડાઈંગ એન્ડ**
**મેન્યુફેક્ચરિંગ કં. લિ.**

આ શો ઉત્કૃષ્ટ છે અને વેપારમાં તમારી સાથે જોડાયેલા હોય તે લોકો અને અમારા ગ્રાહકોને મળવા માટે યોગ્ય મંચ છે. આથી તમારી પ્રોડક્ટ્સ રજૂ કરવા, તેના વિશે વાત કરવા અને તેને આગળ લઈ જવા માટે આ ઉત્તમ મંચ છે. અમને આ શો વિશે બહુ ખુશી છે. સહભાગ અમારી પ્રોડક્ટ્સ વિશે વધુ જાગૃતિ લાવવા અને પ્રદર્શિત કરવા માટે અમને મદદ કરે છે. અમે અહીં ભાગ્યે જ બુકિંગ કરીએ છીએ, કારણ કે પાનખર અને શિયાળા સુધી બધું જ વેચાઈ જાય છે. જોકે એચજીએચ ઈન્ડિયા કંપની શું કરી રહી છે તે સમજવામાં ડીલરોને મદદ કરે છે. દાખલા તરીકે, અમે મેક યોર ઓન બેડશીટ નામે ઈનોવેટિવ સંકલ્પના રજૂ કરી છે, જેમાં તમે તમારી ડિઝાઈન મોકલી શકો છો અને તમારી ડિઝાઈન અનુસાર ફક્ત રૂ. ૧૯૯૯માં અમે બેડશીટ બનાવી આપીએ છીએ અને ૩૦ દિવસમાં તમને મોકલીએ છીએ. અમે એચજીએચ ઈન્ડિયામાં આ સંકલ્પના રજૂ કરી છે.



**દારિયા શિલોવા,**
**એક્સપોર્ટ મેનેજર, અબ્રેસિવ**
**ટેકનોલોજીઝ, રશિયા**

હું રશિયન કંપની અબ્રેસિવ ટેકનોલોજીઝનું પ્રતિનિધિત્વ કરું છું. અમે સેઈન્ટ પીટર્સબર્ગથી આવ્યા છીએ. અમે મૂળભૂત રીતે વિસ્કોઝ અને અબ્રેસિવ મટિરિયલ એવા નોન- વુવન મટિરિયલ્સ નિર્માણ કરાએ છીએ. આથી અમે અહીં ઘણા બધા ઉપયોગી લોકોને મળી શક્યા છીએ. અમને આશા છે કે અમે ભારતીય વેપારીઓ સાથે અહીં વેપાર કરી શકીશું અને અમને આશા છે કે ભારતીય બજારમાં અમને લેમન મૂન પ્રોડક્ટ્સ માટે આગવી બજાર મળશે, કારણ કે અમે માનીએ છીએ કે ભારતીય બજાર દુનિયામાં હાલ સૌથી વધુ ઉત્ક્રાંતિ પામનારમાંથી એક છે. અમને આશા છે કે ભારતીય પરિવારો અને ગૃહિણીઓ વાસણો સફાઈ કરવા માટે અમારી પ્રોડક્ટ્સનો ઉપયોગ કરશે, કારણ કે અમારી પ્રોડક્ટ્સનો કોર એરિયા અત્યંત ઉત્તમ છે અને તે ભારતીય ગૃહિણીઓની જરૂરતોને અનુકૂળ છે.



**પ્રિયંકા આર્ય,**
**માલિક, આર્ટિસન**

આર્ટિસન વોલપેપર કંપની છે, જે લક્ઝરી અને ઈકોનોમિકલ વોલ કવરિંગ્સ આયાત કરે છે. તે પહેલ વાર એચજીએચ ઈન્ડિયામાં પ્રદર્શન કરી રહી છે. આ સુંદર પ્રવાસ અને સુંદર અનુભવ છે. અમે એચજીએચ ઈન્ડિયામાં પ્રવેશ કર્યો છે ત્યારથી આયોજન અદભુત છે અને બારીકમાં બારીક બાબતોનું ધ્યાન રાખવામાં આવ્યું છે એવું અમે જોયું છે. એકંદરે પ્રતિસાદ અદભુત હતો.